# જેવો જેનો ભાવ તેવા તેના ભગવાન

આચમન
બિપિન પટેલ

લગભગ પ્રત્યેક હિંદુ પરિવારમાં એવું જોવા મળે છે કે પોતાનાં બાળકોને માતા-પિતા નાનપણથી જ એક શ્લોક શીખવે છે ‘ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ!’ અજાણપણે જ બાળકોમાં ભગવદ્પ્રેમના સંસ્કાર બીજ રોપાય જાય છે, સમય થતાં તે અંકુરિત પણ થાય છે અને તે ભગવાનને માતા-પિતા-ભાઈ-મિત્રના રૂપમાં જોવા પણ લાગે છે. ભગવાન પણ તેના ભાવનો સ્વીકાર કરે છે.

શ્રીરામચરિતમાનસ બાલકાંડનો ધનુષભંગ પ્રસંગ ખરેખર જાણવા અને માણવા જેવો છે. જનકપુરમાં સીતાસ્વયંવર રૂપે યોજાયેલા ધનુષયજ્ઞમાં શ્રીરામ જ્યારે ગુરુ વિશ્વામિત્રજી સાથે રંગભૂમિમાં પધારે છે ત્યારે તેમના દર્શનથી સૌ અભિભૂત થઈ જાય છે. શ્રીરામના શક્તિ, સામર્થ્ય અને સ્વભાવ-પ્રભાવની ચર્ચા રંગભૂમિમાં થઈ જ રહી હતી, રામ શક્તિશાળી છે, દશહજાર હાથીઓનું બળ ધરાવતી તાડકાને તેમણે પોતાના એક જ બાણ વડે મારી હતી! સુબાહુને માર્યો ને મારિચને સો યોજન દૂર ફેંક્યો! તેમની ચરણરજના પ્રભાવથી શિલા થઈને પડેલી અહલ્યાને પોતાનું નારી રૂપ અને સુંદરતા પુનઃ પ્રાપ્ત થઈ! રંગભૂમિમાં બેઠેલા રાજા-મહારાજા-રાજકુમારોના મનમાં શ્રીરામની ભિન્ન ભિન્ન આકૃતિઓ કોતરવા લાગી હતી. જ્યારે શ્રીરામ રંગભૂમિમાં પધાર્યા ત્યારે જોનારાઓએ તેમને પોતપોતાના ભાવ પ્રમાણે જોયા અને માણ્યા! કોઈને તેમના પ્રત્યે પ્રેમ હતો તો કોઈને દ્વેષ હતો. કોઈને ઈર્ષ્યા હતી તો કોઈને શત્રુતા હતી. જેવી જેમની ભાવના હતી તેવા તેમણે તેમને જોયા. તેમને જોઈને જે મહાન રાજાઓ હતા તેમને એવું લાગ્યું કે રામ સાક્ષાત વીરરસ છે. કુટિલ રાજાઓ તેમને જોઈને ડરી ગયા, તેમને શ્રીરામ ભયદાતા જણાયા. જેઓ



માનવરૂપ ધરીને આવ્યા હતા એવા રાક્ષસોને તેઓ સાક્ષાત કાળમૂર્તિ જણાયા. નગરવાસીઓને તેઓ સાક્ષાત્ નર-ભૂષણ જણાયા. જનકપુરની નારીઓએ તેમને શૃંગારરસના રૂપમાં જોયા. વિદ્વાનોએ તેમનામાં તેમના વિરાટ રૂપના દર્શન કર્યા. યોગીઓને તેઓ પરમતત્ત્વ રૂપે જણાયા. હરિભક્તોને તેમનામાં પોતાના ઈષ્ટદેવના દર્શન થયાં. મહારાજ જનકજીએ તો તેમને બાળક સમાન જોયા. ‘જિન્હકી રહી ભાવના જૈસી, પ્રભુ મૂરત તિન્હ દેખી તૈસી’- જેવો જેમનો ભાવ હતો તેમણે શ્રીરામને તેવા જોયા. શ્રીરામ તો બધા જ રૂપોથી અલિપ્ત હતા પરંતુ જેવો જેમનો ભાવ હતો તેવા તેમને દર્શન થયાં.

અંતે જે કોઈ ન કરી શક્યું તે શ્રીરામે કર્યું. ધનુષ ઊંચકવાનું તો દૂર રહ્યું, કોઈ તેને હલાવી પણ ન શક્યું. શ્રીરામે પળવારમાં તે ઊંચક્યું અને કોઈ કંઈ વિચારે તે પહેલાં તો ક્ષણાર્ધમાં તે તૂટી પણ ગયું. સીતાજીએ તેમના

> જ્યારે શ્રીરામ રંગભૂમિમાં પધાર્યા ત્યારે જોનારાઓએ તેમને પોતપોતાના ભાવ પ્રમાણે જોયા અને માણ્યા! કોઈને તેમના પ્રત્યે પ્રેમ હતો તો કોઈને દ્વેષ હતો. કોઈને ઈર્ષ્યા હતી તો કોઈને શત્રુતા હતી

કંઠમાં જયમાળા પહેરાવી- સૌ રાજકુમારો- રાજાઓ-મહારાજાઓ સ્તબ્ધ બનીને એ વિજ્યીમૂર્તિને જોતા જ રહી ગયા. વિવાહ (લગ્ન) તો ધનુષભંગને આધિન હતો, એક શુભ મુહૂર્તમાં માગશર શુક્લ પંચમીને દિવસે રામ-સીતા લગ્નગ્રંથિથી જોડાયાં. એ શુભ દિવસ સીતારામવિવાહ પંચમી તરીકે પ્રત્યેક હિંદુના મનમાં કોતરાયો. આવતીકાલે મંગળવારે સીતારામવિવાહ પંચમી છે ત્યારે... એક શુભ સંકલ્પ કરીશું... ભક્તિપથ તો સૂક્ષ્મ ભાવજગત છે જ્યાં ભક્ત પોતાના આરાધ્યશ્રી સીતારામજી સાથે ઐક્યતાનો અનુભવ કરતાં શાશ્વત સુખ અને આનંદના સાગરમાં ડૂબી જાય છે. આપણે પણ સીતારામજીને આપણા ભાવજગતમાં બિરાજમાન કરીને ધન્યતા અનુભવીશું.



## સપ્તાહનાં વ્રત-તહેવારો તા. ૨૪ નવેમ્બરથી તા. ૩૦ નવેમ્બર - ૨૦૨૫

### તા. ૨૪ સોમવાર
માગશર સુદ ચોથ, વિનાયક ચોથ ગુરુતેગબહાદુર શહીદ દિન, અન્નપૂર્ણા માતાજી, એકલિંગજી મહાદેવ, શ્રીસિદ્ધિ વિનાયક ગણપતિ, પાલ હજીરા રોડ.

### તા. ૨૫ મંગળવાર
માગશર સુદ પાંચમ, નાગપંચમી, શ્રીરામ-સીતા વિવાહ મહોત્સવ

### તા. ૨૬ બુધવાર
સ્કંદ પષ્ઠી, ચંપા ષષ્ઠી, અન્નપૂર્ણા વ્રત પ્રારંભ, મહર્ષિ કપિલાચાર્ય જયંતી

### તા. ૨૭ ગુરુવાર
માગશર સુદ સાતમ મિત્ર સપ્તમી, પંચક પ્રારંભ બપોરે 2 કલાકથી

### તા. ૨૮ શુક્રવાર
માગશર સુદ આઠમ દુર્ગાષ્ટમી, પંચક

### તા. ૨૯ શનિવાર
માગશર સુદ નોમ, હરિ જયંતી, પંચક

### તા. ૩૦ રવિવાર
માગશર સુદ દશમ

# ઉમિયા માતાજી મૂળ સ્થાનક

અજવાળાં
દુર્ગેશ ઉપાધ્યાય

મા ઉમિયાનું મોટું અને જાણીતું મંદિર ઊંઝામાં આવેલું છે એ બધા જાણે છે. પણ એ ઉમિયા માતાનું મૂળ સ્થાનક ઊંઝામાં ગામ વચ્ચે ખજૂરીપોળ ચોક પાસે આવેલું છે. એ ઓછો લોકો જાણે છે. ઉમિયામાતા કડવા પાટીદારોની કુળદેવી છે. સાથે અન્ય જ્ઞાતિના લોકો પણ માતાજીને ખૂબ માને છે. પણ અહીં મૂળ સ્થાનકની વાત આજે કરવી છે.

ઉમિયા માતાનું મૂળ સ્થાનક યાને પ્રાગટ્ય સ્થાન ઊંજા ગામના ખજૂરીપોળ ચોક પાસે થયેલું છે, જ્યાં એક નાના જૂના મકાનમાં યંત્ર અને દીવો અખંડ રાખી તેમની પૂજા વર્ષોથી થતી આવી છે. એ મકાન તોડી એક નાનો સરસ રૂમ બનાવી હાલ માતાજી તેમાં બિરાજમાન છે. પણ હવે આ મૂળ સ્થાનક નજીક એક વિશાળ ભવ્ય મંદિર હાલ આકાર લઈ રહ્યું છે. જેમાં મા ઉમિયાની મૂર્તિ અને યંત્રની પ્રાણપ્રતિષ્ઠા વિધિ આ માસની તા. 26 થી 28 (નવેમ્બર)ના રોજ થનાર છે.

આ મૂળ સ્થાનકને ગોખ તરીકે ઓળખે છે. આ નવનિર્મિત મંદિર હિન્દુ શિલ્પ શાસ્ત્રની દૃષ્ટિએ બનાવવામાં આવ્યું છે. જેનું કામ હવે પૂર્ણતાના આરે છે. મંદિર પરિસર વિસ્તાર 2232 ચો. વારમાં આવેલો છે. મંદિરના શિખરની ઉંચાઈ 46.7’ફીટ તથા લંબાઈ 63.4 ફીટ જ્યારે પહોળાઈ 51.6 ફીટ, રંગ મંડપ 22.7x 22.7 ફીટ રહેશે તેમજ મા ઉમિયાની મુર્તિ 51’ની રહેશે. મુખ્યમંદિરની સાથે ગણપતિજી, ભૈરવ, મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી, યમદેવ, વરૂણદેવ, કુબેર ભંડારી વિગેરે દેવો બિરાજમાન થશે.

તા. 26 થી 28 નવેમ્બર એમ ત્રણ દિવસ ચાલનારા આ પ્રાણ પ્રતિષ્ઠ મહોત્સવમાં ભવ્ય શોભાયાત્રા તથા નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ત્રણે દિવસ મહાપ્રસાદ તેમજ દીકરીઓને ભેટ આપી સન્માનવાનું આયોજન પણ છે. આ સ્થાન પાસે ભવિષ્યમાં યાત્રિક ભવન તેમજ


શ્રી ઉમિયા માતાજી
મૂળ સ્થાનક ગોખ મંદિર, ઊંઝા.

ભોજનશાળા બનાવવાનું આયોજન કરાયું છે.

ઉંઝા ગામનું મૂળનામ ઉમાપુર છે. અહીં ગોખ મંદિરના માતાજી 171 વર્ષ પછી મોટા નવા મંદિરમાં પ્રસ્થાપિત થશે. આ સ્થાનના ઈતિહાસ અંગે કહેવાય છે કે રાજા વ્રજપાલજી માળવાથી માતૃશ્રાદ્ધ કરવા સિદ્ધપુર આવ્યા. ત્યારે શ્રાદ્ધ કરી પરત માળવા જવા નીકળ્યા, પણ રાત પડી જતાં એક ટેકરો જોઈ ત્યાં તંબુ બાંધી સૈન્ય સાથે રાત્રિ રોકાણ કર્યું. તે દિવસ વૈશાખની પુનમનો હતો. તેઓ રાતે લટાર મારતા હતા, ત્યારે તેમને માતાજી ઉમા સ્વરૂપે દેખાયાં આ રાજા હરસિદ્ધિ માતાના પરમભક્ત હતા, માતાજીનાં દર્શન થતાં તેઓ ભાવવિભોર થઇ ગયા અને ત્યાં જ રહી શેષ જીવન વિતાવવાનો સંકલ્પ કર્યો. તેમણે સંવત 212 (ઇ.સ.156)માં અહીં મા ઉમાનું મંદિર બનાવ્યું. અને ગામનું નામ ઉમાપુર રાખ્યું. આ મંદિર બનાવ્યું તેની પાસે શેષસાઈ મંદિર છે. શેષશાઈ યાને શેષનાગપર શયન કરેલા ભગવાન વિષ્ણુ આ સ્વરૂપની પ્રતિમા અહીં ગુજરાતમાં પ્રથમ છે. વળી આ વિસ્તાર હેડંબાવન તરીકે ઓળખાતું તેથી અહીં હેડંબા માતાનું પણ પ્રાચીન મંદિર આવેલું છે.

> તા. 26 થી 28 નવેમ્બર એમ ત્રણ દિવસ ચાલનારા આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભવ્ય શોભાયાત્રા તથા નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે

કહેવાય છે કે વિક્રમસંવત 1356માં અલ્લાઉદ્દીન ખિલજીના સુબા ઉલુઘખાને આ શેષશાઈ પાસે આવેલા મા ઉમાના મંદિરનો નાશ કર્યો, ત્યારે ગામ લોકોએ હુમલા પહેલાં સાવચેતી વર્તીને માતાની મૂર્તિ ગામના મોલ્લોત ભાઈઓએ મોટા માઢના એક મકાનના ગોખમાં રાખી 511 વર્ષ પૂજા સેવા કરી, બાદમાં મુસ્લિમ રાજ પૂર્ણ થતાં ગાયકવાડની સરકાર આવી ત્યારે ગાયકવાડે ઊંઝામાં મંદિરનું નિર્માણ કરી ગોખમાંથી મા ઉમાની મૂર્તિને પ્રસ્થાપિત કરી અને ગોખમાં મૂર્તિની જગ્યાએ મા ઉમાનો ફોટો તેમજ યંત્ર સ્થાપિત કરી પૂજા અર્ચના કરવામાં આવતી. ગામના પાટીદારો આ માતાજીને ખૂબ માનતા અને ખેતીની શરૂઆત કરતા પહેલાં માતાજીનું પૂજન દર્શન કરી કાર્ય આરંભતા. આસો સુદ આઠમે ગોખના સ્થાનકમાં પલ્લી ભરાતી અને બધા ઘરે પ્રસાદ વહેંચાતો. વળી નવદંપતીના છેડા ગાંઠણ અહીં લગ્ન પછી છોડવા આવતાં.

## સુવિચાર

ઈશ્વર જયારે આપે છે ત્યારે સારું આપે છે અને નથી આપતો ત્યારે વધુ સારું મેળવવાનો રસ્તો આપે છે.